અરવલ્લીમાં વધુ ૪ કેસ સાથે કુલ આંક ૨૯૦

મોડાસામાં ૨ લોકો સંક્રમિત, ટીંટોઈ ગામનો આધેડ અને બાયડ-તેનપુરના વૃદ્ધા કોરોનાગ્રસ્ત

છેલ્લા ૧૯ દિવસથી સમગ્ર અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે, ત્યારે આજે જિલ્લામાં વધુ નવા ૪ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં મોડાસા શહેરના હોટસ્પોટ તરફ સરકી રહેલા રાણાસૈયદ વિસ્તારમાં ૧ કેસ અને કોવીડ-૧૯ હોસ્પિટલની બાજુમાં આવેલા ડબગરવાડા વિસ્તારમાંથી એક-એક પોઝેટીવ કેસ મળી આવ્યા છે. સરકાર કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ પ્રવેશ નહિ તેની તકેદારી રાખવા મીટિંગોનો દોર ચલાવી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ ધીરે ધીરે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશી રહ્યું છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં કોરોનાએ વધુ એક શિકાર બનાવ્યો હતો. બાયડ તાલુકાના તેનપુર ગામે પણ કોરોના પોઝેટીવ દર્દી મળી આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરમાં કિલર કોરોનાએ પોરો ખાતા છેલ્લા ૪૮ કલાકમાં એક પણ મોત ન નોંધાતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો છે.

જુલાઈ મહિનામાં મોડાસા શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી કોરોનાના પોઝીટીવ કેસ પ્રકાશમાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી મોડાસા શહેરમાં કોરોનાના પગલે થઇ રહેલા ટપોટપ મોતથી ભારે ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે. રવિવારે મોડાસા શહેરમાં વધુ કોરોનાના ૨ કેસ અને જીલ્લામાં ૨ નવા પોઝીટીવ કેસ પ્રકાશમાં આવ્યા છે.

જેમાં મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં ૩૯ વર્ષીય યુવક, ડબગરવાડા વિસ્તારમાં ૬૨ વર્ષીય મહિલા, મોડાસા તાલુકાના ટીંટોઈ ગામની ૪૫ વર્ષીય મહિલા અને બાયડ તાલુકાના તેનપુર ગામના ૮૫ વર્ષીય વૃદ્ધાનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાંથી કોરોનાના પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા સ્થાનિક પાલિકા તંત્ર તથા પંચાયતની ટીમો સહિત આરોગ્ય વિભાગની ટીમો તુરંત જ કોરોનાગ્રસ્ત દર્દીઓના વિસ્તારમાં પહોંચી હતી અને જે-તે વિસ્તારને સેનીટાઈઝ કરી કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોનું તબીબી પરીક્ષણ હાથ ધર્યું હતું.

મુંબઈથી આવેલ મહિલાને કોરોના પોઝીટીવ

ખેડબ્રહ્માના નવા મારવાડા ખાતે મુંબઈ રહેતો પરિવાર ખેડબ્રહ્મા આવતા મહિલાને પોઝિટિવ રિપોર્ટ આવતા હિંમતનગર ખસેડવામાં આવી હતી.

નવા મારવાડા ખાતે મુંબઈ વસઈ થી શનિવાર સવારે ખાનગી બસમાં પતિ પત્ની અને ભત્રીજો ખેડબ્રશમાં આવેલ અને મહિલાને તાવ અને થાક લાગેલ હોઈ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ જઈ ટેસ્ટ કરાવેલ જેમાં ૫૫ વર્ષીય મહિલાને પોઝિટવ રિપોર્ટ આવ્યો હતો જ્યારે પતિ અને ભત્રીજાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો જેથી મહિલાને સારવાર માટે હિંમતનગર રીફર કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા બ્લોક હેલ્થ ઓફિસર આર.ડી ગોસ્વામી ધ્વારા આ કેસ મુંબઈ થી આવેલ હોઈ ત્યાંનો ગણવામા આવેલ છે.

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે માસ્ક ન પહેરનારને ૨૦૦નો દંડ

કાંકરેજ, તા. ૧૯

શિહોરી ખાતે બજારમાં માસ્ક વગર નીકળતા વાહન ચાલકો અને રોડ પર ફરતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. પરંતુ હવે ગરીબ પરિવારના લોકો માટે આટલો બધો દંડ ભરવા માટે સક્ષમ નથી પણ સરકાર તરફથી કોરોના વાઈરસની મહામારી વચ્ચે ગરીબ માણસની હાલત કફોડી બની છે અને પોલીસતંત્ર પણ ધંધે લાગી ગયું છે. ત્યારે ખરેખર શું આ માસ્ક પહેરવા ફરજિયાત છે ત્યારે આવા નિયમો ગરીબ લોકો માટે ખુબજ ખતરનાક સાબિત થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ પાસે પૈસા નથી ખાવાના પણ સાંસા પડવા લાગ્યા છે, ત્યારે સરકારની આવી નીતિ સામે અનેક વેધક સવાલ ઉઠવા પામ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલ અભણ લોકો માટે કાયદો વ્યવસ્થા કરવામાં આવે છે ત્યારે હવે આ માસ્ક પહેરેલ વ્યક્તિને ગૂંગળામણ થતું હોય તો તેના માટે જવાબદાર કોણ ? આવા ઘણા બધા લોકોએ સવાલ ઉઠાવ્યા છે.

મોડાસાના શહેરના છેવાડાના વિસ્તારમાંથી એક સગીર અને ચાર બાળકો નિરાધાર મળી આવ્યા

મોડાસા, તા. ૧૯

બાળકો ગુમ થવાના અને નિરાધાર હાલતમાં કે ભિક્ષાવૃતિ કરતા બાળકો મળી આવવાના બનાવો વધી રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસાના બાયપાસ રોડ પર દેવરાજ ધામ નજીક શનિવારની મોડી રાત્રીએ બિન વારસી હાલતમાં એક સગીર સાથે ૪ બાળકો નિરાધાર હાલતમાં જોવા મળતા આજુબાજુમાં રહેતા લોકો બાળકોની મદદે પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરતા ૨ કલાક સુધી પોલીસ ઘટનાસ્થળે ન પહોંચતા લોકોમાં પોલીસતંત્રની બેદરકારી ભરી કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો. જાગૃત યુવતીએ ચાઈલ્ડ હેલ્પ લાઈનને જાણ કરતાં ચાઈલ્ડ લાઈનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી ત્યાં સુધીમાં બાળકો સાથે રહેલ સગીર યુવક રફુચક્કર થઈ જતા ચાઈલ્ડ લાઈનની ટીમ ઘટના સ્થળે પહોંચી ચાર બાળકોનો કબ્જો લીધો હતો. પોલીસ અને ચાઈલ્ડ હેલ્પલાઈનના સદસ્યોએ બાળકો સાથે રાખી સગીર યુવકની શોધખોળ હાથ ધરી હતી.

મોડાસા શહેરમાંથી નિઃસહાય હાલતમાં મળી આવેલા બાળકોને તસ્કરી કર્યા પછી તરછોડ્યા કે પછી બાળકોને ભિક્ષાવૃતિ માટે લાવવામાં આવ્યા હતા સહિતના અનેક પ્રશ્નો ઉપસ્થીત થયા છે. બાળકો સાથે રહેલ સગીર પોલીસતંત્રની લાપરવાહીના પગલે હવામાં ઓગાળી ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે જ્યાં સુધી સગીર યુવક નહિ મળી આવે ત્યાં સુધી રહસ્ય પર પડદો પડી રહે તો નવાઈ નહિ..!!

અરવલ્લી જિલ્લાના મોડાસામાં શનિવારની મોડી રાત્રીએ કોઈ અજાણ્યા ઈસમો પાંચ બાળકો ને બિન વારસી હાલતમાં મુકી ગયા હતા. બે બાળકો દેવરાજ ચાર રસ્તા તેમજ ત્રણ બાળકો ગણેશપુર વિસ્તારમાંથી મળી આવ્યા હતા. આ બાળકો બિન વારસી હાલતમાં મળી આવતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા અને પોલીસ તેમજ ચાઈલ્ડ લાઈનને જાણ કરી હતી. ચાઈલ્ડ લાઈનની ટીમ ઘટના સ્થળે પહોંચી ચાર બાળકોનો કબ્જો લીધો હતો. બાળકોના જણાવ્યા અનુસાર તેમના પરિવારજનો તેમના પર યાતના ગુજારતા હતા અને ઘરકામ કરાવતા હતા. જોકે તેમને કોણ મુકી ગયુ અને શા માટે મુકી ગયુ છે તે અંગે કોઈ સ્પષ્ટ જણાવી શક્યા ન હતા. ચાઈલ્ડ લાઈન હેલ્પના કાર્યકરતાના જણાવ્યા અનુસાર બાળકો પર તેમના માતા પિતા દ્વારા ત્રાસ ગુજરવામાં આવતો હતો. ચારે બાળકોના સરકારની ગાઈડલાઈન મુજબ કોવીડ-૧૯ નો ટેસ્ટ કર્યા પછી હિંમતનગર ખાતે શેલ્ટરહોમમાં મોકલી આપવામાં આવશે તેમ શમીમબેન નામનાં કર્મચારીએ જણાવ્યું હતું.

પાંચ બાળકો મળી આવ્યા હતા એમાંથી ચાઈલ્ડ હેલ્પ લાઈનને ફકત ચાર બાળકો મળી આવ્યા છે. પાંચમાં છોકરો જે આ ચાર કરતા ઉમરમાં મોટો દેખાતો હતો તે ભીડથી ગભરાઈને છટકી ગયો હશે તેવુ અનુમાન લગાવામાં આવી રહ્યુ છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાતના ૪૨૦૦ ગ્રેડ પે ના સોશિયલ મિડિયા આંદોલનને મળી સફળતા

શિક્ષકોએ જિલ્લાના હોદ્દેદારોનું મોં મીઠું કરાવી ખુશી વ્યક્ત કરી

રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૦ પછી નોકરીમાં જોડાયેલા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો ગ્રેડ પે ૪૨૦૦ રૂપિયા ઘટાડીને ૨૮૦૦ કરી દેવામાં આવ્યો હતો જેને કારણે રાજ્યના ૬૫૦૦૦ થી વધુ શિક્ષકોને પગારમાં મોટું આર્થિક નુકશાન થતુ હતું.

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, ગુજરાતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ, મહામંત્રી રતુભાઈ ગોળ અને પ્રાંતની ટીમ દ્વારા કટિબદ્ધતાથી ૨૦૧૦ પછી નોકરીમાં જોડાયેલા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણમા ૪૨૦૦ ગ્રેડ પે મળે એ માટે સરકારમાં વારંવાર રજૂઆતો અને સરકાર સાથે અવારનવાર બેઠકો તેમજ સોશીયલ મિડીયામા ૪૨૦૦ ગ્રેડ પે માટેનુ આંદોલન ચલાવતાં ૪૨૦૦ ગ્રેડ પે ની ન્યાયિક માંગણીનો સરકાર દ્વારા

હકારાત્મક નિર્ણય લેવાતાં રાજ્યના ૬૫૦૦૦ થી વધુ શિક્ષકોના પડતર પ્રશ્નોનુ નિરાકરણ થતા અરવલ્લી જીલ્લા રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના પ્રમુખ મિનેષભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રજ્ઞેશભાઈ શર્મા, તાલુકા અધ્યક્ષ રિતેશભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારોએ સરકારના નિર્ણયને વધાવી મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી અને સાથે સાથે સરકારનો આભાર માન્યો હતો.

બેંક ઓફ બરોડાના સ્થાપના દિને અરવલ્લીના કોરોના વોરીયર્સનું સન્માન

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળી રહ્યો છે

જેને લઈ કોરોનાનો આંક ૨૭૦ ને પાર પંહોચી ગયો છે. જેથી કોરોનાનું સંક્રમણને અટકાવવા આરોગ્ય, પોલીસ અને સફાઈ કર્મચારીઓ ફ્રન્ટ લાઈન વોરીયર્સ તરીકે કામ કરી રહ્યા છે, ત્યારે બેંક ઓફ બરોડા દ્વારા સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી.

અરવલ્લી જિલ્લામાં લીડ બેંક તરીકે કાર્યરત બેંક ઓફ બરોડાના ૧૧૩ સ્થાપના દિને કોરોનાના કાર્યકાળમાં અહર્નિશ સેવા બજાવતા આરોગ્ય, પોલીસ અને સફાઈકર્મીઓને મેનેજીંગ ડિરેકટર સંજીવ ચડ્ઢાએ સન્માનિત કરવાની પ્રેરણાદાયી પહેલ કરી છે, જેમાં અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા સતત ખડેપગે રહેતા આરોગ્ય કર્મીઓમાં સંચારી રોગ અટકાયત અધિકારી પ્રવિણ ડામોર, મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી જીજ્ઞા જયસ્વાલ, પોલીસકર્મીમાં મેઘરજના પી.આઈ જયેશ ભરવાડ, બેંકિંગક્ષેત્રે બિમલરાજસિંહ તેમજ મોડાસા નગરપાલિકાના સફાઈકર્મી ભરત રાઠોડનું જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબદક, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના રીજીયોનલ મેનેજર રાજકુમાર મહાવર, લીડ બેંક મેનેજર હરેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લીમાં ખેડૂતના ઘરે ફકત એક જ બલ્બ છે, વીજતંત્રએ ફટકાર્યું ૩૯ હજારનું બીલ

ખેડૂતનું વીજ કનેક્શન કાપ્યા પછી પણ સાત હજાર બિલમાં ઉમેરાયા

મેઘરજ, તા. ૧૯

કોરોનાની મહામારીમાં વીજતંત્રએ આડેધડ મનફાવે તેમ ગ્રાહકોને બીલ ફટકાર્યાં હોવાની બૂમો સતત ઉઠી રહી છે. રાજ્યમાં અનેક જગ્યાએ તો લોકોએ વીજતંત્રએ આપેલ વીજબિલનો બહિષ્કાર કર્યો છે ત્યારે અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ખોખરીયા ગામે પરિવાર સાથે જીવનનિર્વાહ ચલાવતા ખેડૂતના ઘરે એક જ વીજબલ્બ હોવા છતાં થોડા મહિના અગાઉ વીજતંત્રએ ૩૨ હજાર રૂપિયા બિલ ફટકારતા ખેડૂતના મોતિયા મરી ગયા હતા. જે અંગે ખેડૂત મેઘરજ યુજીવીસીએલની કચેરીએ લેખિતમાં અરજી પણ કરી હતી અને પરંતુ વીજતંત્ર ઉલ્ટા ચોર કોટવાલને દંડે એમ ખેડૂતનું વીજ કનેક્શન જ કાપી નાખ્યું હતું. તેમજ વીજ કનેક્શન કાપ્યા બાદ વધુ ૭ હજારનું બિલ પધરાવતા ખેડૂત ૩૯ હજાર રૂપિયાના બીલની રકમ સાંભળી પગ નીચેથી ધરતી સરકી ગઈ છે. ખેડૂત પરિવાર વીજતંત્રની

લાલિયાવાડીના પગલે અંધેરા ઉલેચી રહ્યો છે હાલ ખેડૂત પરિવારના ત્રણ બાળકો દીવાના સહારે અભ્યાસ કરવા મજબુર બન્યા છે.

ખંખરીયા ગામના ખેડૂત કાનાભાઈ અને તેમનો પરિવાર ખેતી કરી માંડ બે ટંકનો રોટાલો રળી રહ્યા છે. ખેડૂતની સ્થિતિ સામાન્ય હોવાથી ઘરમાં ફકત એક જ બલ્બ છે અન્ય કોઈ પણ વીજ ઉપકરણ નથી તેમ છતાં વીજતંત્રએ ફટકારેલ અધધ બિલથી ખેડૂત નિઃસહાય હાલતમાં મુકાયો છે. કાનાભાઈ નામના ખેડૂતને વીજકચેરીએ દર બે મહિને લાઈટ બિલ આપવામાં આવે છે તે મુજબ કાનાભાઈને ડિસેમ્બર માસમાં બે મહિનાનું ૧૭૦૦ રૂપિયા લાઈટ બિલ આપવામાં આવ્યું હતું. ત્યાર પછી તેના પછી વીજતંત્રએ આગળના મહિનામાં ૩૨ હજાર રૂપિયા લાઈટ બિલ આપવામાં આવતાં ખેડૂતના પગ તળિયેથી ધરતી સરકી ગઈ હતી. કાનાભાઈએ મેઘરજ યુજીવીસીએલની કચેરીએ લેખિતમાં અરજી પણ કરી છે, પરંતુ વીજતંત્ર ચોર કોટવાલને દંડે એમ ખેડૂતનું વીજ કનેક્શન જ કાપી નાખ્યું હતું.

કાનાભાઈ નામના ખેડૂતના જણાવ્યા અનુસાર વીજ કર્મચારીને આજીજી કરી કહ્યું કે મારા ઘરમાં ફકત એક બલ્બ સિવાય કંઈ જ નથી તો આટલું બિલ કઈ રીતે આવે પરંતુ ગરીબનું કોઈ નથી એ કહેવત અનુસાર વીજ વિભાગના માણસોએ માણસાઈ રાખ્યા વગર કારમી ગરમીમાં ખેડૂતનું વીજ કનેક્શન કાપી નાખ્યું હતું, વીજ કનેક્શન કાપ્યા બાદ વધુ ૭ હજાર ઉમેરી ૩૯ હજાર બિલ ફટકાર્યું હોવાનું જણાવ્યું હતું.

હાલ આકરી ગરમીમાં અને અધાંરપટમાં ખેડૂત કાનાભાઈ જીવન વ્યતીત કરી રહ્યા છે, ત્યારે યુજીવીસીએલ વિભાગની બેદરકારીના કારણે ગરીબ ખેડૂત કાનાભાઈને હાલ ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એક તરફ ગરમી ચોમાસાનો સમય કોરોના મહામારી અને મચ્છરોનો ઉપદ્રવ આવી પરિસ્થિતિમાં લાઈટ વગર આખો પરિવાર દયનિય સ્થિતિમાં જીવી રહ્યો છે ત્યારે આ ગરીબ ખેડૂતને ન્યાય ક્યારે મળે છે તે જોવું રહ્યું.

બાયડ પોલીસ ઊંઘતી રહી અને વિજિલન્સે બાજી મારી

બાયડ તાલુકાના આકોડીયા ગામે વિજિલન્સે દરોડા પાડતા બાયડ પોલીસ દોડતી થઇ હતી : બાયડ પીએસઆઇની રહેમ નજર હેઠળ તાલુકાના બુટલેગરો બેફામ બન્યા

બાયડ, તા. ૧૯

બાયડ તાલુકાના ડેમાઈ નજીક આવેલ આંકડિયા ગામે વિજિલન્સે દરોડા પાડતા બાયડ

પોલીસ રીતસર ઊંઘતી ઝડપાઈ ગઈ હતી ગાંધીનગર વિજિલન્સે દરોડા પાડી ૧૧૦૦૦ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. બાયડ પી.એસ.આઈ એન જી ગોહિલ ની રહેમ નજર હેઠળ તાલુકામાં ઠેરઠેર દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. જાણે કે બુટલેગરોને પોલીસનો ડર ન હોય તેમ દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ચાલતા અને બાયડ પોલીસની નિષ્ફળતા જોવા મળતા વિજિલન્સ ને બાયડ સુધી લાંબા થવાનો વારો આવ્યો છે બાયડ પોલીસે બે દિવસ અગાઉ બાયડ તાલુકાના રણેચી ગામે નાટકીય રેડ કરી બે બોટલ દારૂની ઝડપી હતી આ નાટકીય રેડમાં બાયડ પોલીસ ઉપર અનેક સવાલો ઉઠ્યા હતા ત્યારે આજરોજ ગાંધીનગર વિજિલન્સ એ ડેમાઈ નજીક આંકડિયા ગામે બાતમીના આધારે રેડ કરતા ૩૬ બીયર તથા દારૂની બોટલો તથા ૪૫૦૦ ઉપરાંત રોકડ રકમ તથા એક મોબાઈલ કિંમત રૂ ૫૦૦ મળી કુલ ૧૧૦૦૦ ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કરી પ્રભાતસિંહ રંગત સિંહ ઝાલા ની ધરપકડ કરી હતી.

પ્રાંતિજમાં હેલ્પિંગ હેન્ડસ ગ્રુપની સેવાની ખરેખર સરાહનીય

પ્રાંતિજ, તા. ૧૯

કોરના મહામારી કાળમા પ્રાતિજનુ હેલ્પિંગ હેન્ડ્સ ગ્રુપ છેલ્લા ૧૨૦ કરતા વધુ દિવસોથી લોકોની આરોગ્ય સુખાકારી માટે નગરમાં સક્રિય છે.

હાલમાં તંત્ર દ્વારા પ્રાંતિજના કુંભારવાસ અને કડીયાવાસને કન્ટેનમેન્ટ વિસ્તાર જાહેર કરેલ છે. તે વિસ્તારમાં ગઈકાલે શનિવારે હેલ્પિંગ હેન્ડ્સ ગ્રુપ પ્રાંતિજ દ્વારા આયુર્વેદિક સંશમનીવતી ગોળીઓ અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આવનાર સમયમાં હેલ્પિગ હેન્ડ્સ ગ્રુપ દ્વારા અન્ય કન્ટેઇનમેંટ વિસ્તારોમા પણ આયુર્વેદિક સંશમનીવતી ટેબ્લેટનું વિતરણ કરવામાં આવશે. ટીમ હેલ્પિગ હેન્ડ્સ ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના માનવ સેવાને વરેલ યુવાનોનું ગ્રુપ છે.

સરકાર માટે ગ્રેડ પે ગળાનું હાડકું બની શકે છે વધુ ગ્રેડ પે ની માંગ સાથે કોરોના વોરિયર્સ મેદાને

લેબ ટેકનીશીયન અને પોલીસ કોન્સ્ટેબલનું ડીઝીટલ આંદોલન

ગુજરાતમાં કોરોના વાયરસના કપરા કાળ વચ્ચે શિક્ષકોએ સોશિયલ મીડિયાના

માધ્યમથી એક આંદોલન ઉપાડ્યું હતું. શિક્ષકોએ ૪૨૦૦ રૂ. ગ્રેડ પે માટે ફેસબુક, ટ્વિટર વગેરે પર અનેક પોસ્ટ શેર કરી હતી. પ્રાથમિક શિક્ષકોએ સોશિયલ મીડિયા પર કરેલા વિરોધ પછી સરકારે શુક્રવારે ગ્રેડ-પે નો ૨૫ જૂનનો પરિપત્ર રદ કરવાની જાહેરાત કરી હતી. પ્રાથમિક શિક્ષકોને ગ્રેડ પે અંગેના ડિજિટલ આંદોલનમાં સફળતા મળતા સરકાર સામે પ્રાથમિક શિક્ષકો બાદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા લેબ ટેકનીશીયન અને પોલીસ કર્મીઓએ પોતાના ગ્રેડ-પે મુદ્દે ડિજિટલ આંદોલન છેડી ગ્રેડ પે વધારવામાં આવેની માંગ કરી છે.

સરકાર સામે ગ્રેડ પે મુદ્દે ફરી એકવાર કપરાં ચઢાણ દેખાઈ રહ્યા છે. રાજ્યમાં સરકાર સામે વધુ બે કોરોના વોરિયર્સે ડિજિટલ આંદોલન છેડ્યું છે. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા લેબ ટેકનીશીયનોએ 'કોરોનાની વૈશ્વિક મહામારીમાં જીવના જોખમે કોરોના ટેસ્ટ માટે સેમ્પલ કલેકશન કરતાં કોરોના

● અનુસંધાન પાના - ૭ પર

કોરોના વૈશ્વિક મહામારી મા PHC લેવલે પોતાને જોખમમા નાખી કોરોના ટેસ્ટ માટે સેમ્પલ કલેશન કરતા અને કોરોના નિદાન કરતા યોધ્ધા ઓને ન્યાય આપો grad pay# 4200 lab techનો અધિકાર આપો..ન્યાય આપો..
8:50 am